11635


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


તારીખ : 19 સપ્ટેમ્બર, 2019

પ્રતિ,
**શ્રી વિજયભાઈ રૂપાણી,**
મા. મુખ્ય મંત્રીશ્રી
ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

વિષય: મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત ટ્રાફિકના નવા નિયમોને હળવા કરવા અંગે:

આપની કુશળતા ઈચ્છું છું.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ટ્રાફિક અંગેના નવા નિયમો તારીખ 16/09/2019 થી અમલમાં આવેલ છે. ઉપરોક્ત નિયમો ખુબ જ ટૂંકા ગાળાની મુદતથી અમલમાં આવેલ હોવાને કારણે સામાન્ય જનતાને ખુબજ અગવડ/અસુવિધાઓ પડી રહેલ છે તેમજ સામાન્ય પ્રજાની સમસ્યાઓમાં વધારો થયેલ છે અને અસંતોષ તેમજ નારાજગી ની લાગણી ઉભી થયેલ છે. આ બાબતે ગુજરાત વેપારી મહામંડળ વતીથી આપશ્રી સમક્ષ નિમ્નલિખિત કેટલાક સૂચનો પ્રસ્તુત છે.

**1) <u>હેલ્મેટ અંગેના નિયમો</u>**

દ્વિચક્રીય વાહન ચલાવતી સમયે વાહન ચલાવનારે હેલ્મેટ પહેરવાનો નિયમ એક યોગ્ય નિર્ણય છે કારણકે હેલ્મેટ પહેરવાના કારણે ઘણા જીવલેણ અકસ્માતો સમયે વ્યક્તિનો બચાવ શક્ય થતો હોય છે. પરંતુ આ અંગે અમે આપનું ધ્યાન નીચેની બાબત પરત્વે દોરવા માંગીયે છીએ.

- હાલમાં માર્કેટમાં ISI ના માર્ક વાળા હેલ્મેટ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી ખાસ કરીને જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષા એ અને કેટલાક વ્યાપારીઓ તેનું બિલ પણ ગ્રાહકને નથી આપતાં. આ અંગે જ્યાં સુધી ISI માર્ક વાળા હેલ્મેટ માર્કેટમાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ના થાય ત્યાં સુધી આ નિયમને મોકૂફ રાખવા વિનંતી છે.

- સાથે સાથે હેલ્મેટ અંગેનો કાયદો મેજર ડિસ્ટ્રીક્ટ, સ્ટેટ અને નેશનલ હાઇ-વે ઉપરના વાહન-વ્યવહાર પૂરતો મર્યાદિત રાખવો જોઈએ કારણકે અમદાવાદ જેવા શહેરમાં અનેક જુના શહેરી વિસ્તારો જેવાં કે રતનપોળ, રીલીફરોડ, માણેકચોક ખુબ જ ગીચ વિસ્તારો છે તેમજ આવા વિસ્તારો માં આવેલ નાની-નાની દુકાનો, વ્યાપારીઓને આંતરિક કાર્યો માટે સતત અવરજવર રહેતી હોય છે તો તેવા વિસ્તારોને હેલ્મેટ પહેરવાના નિયમમાં રાહત આપવી જોઈએ. શહેરના મહદઅંશે ગીચ વિસ્તારોમાં દ્વિચક્રી વાહન ખુબજ વધુ ગતિથી ચલાવવાનું શક્ય જ નથી હોતું. વધુમાં પાર્કિંગ ની પૂરતી સગવડો ઉપલબ્ધ ન હોવાને કારણે વાહન ચલાવનારે પોતાના નાના-નાના કામ માટે અવાર-નવાર વાહન પરથી ઉતરીને

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

નજદીકની જગ્યાઓ પર જતી વખતે હેલ્મેટ ક્યાં રાખવી તે પણ પ્રશ્ન થતો હોય છે. આ અંગે સૌથી વધુ અગવડ સીનીઅર સીટીઝન તેમજ મહિલાઓને પડતી હોય છે. આ સંદર્ભમાં અમારું નમ્ર સૂચન છે કે શહેરની અંતરિયાળ વિસ્તારોમાં હેલ્મેટ પહેરવાના નિયમમાં રાહત આપવી જોઈએ અને આ અંગે ફેર-વિચારણા કરવી જોઈએ.

દરેક શહેરની બહાર આવેલ હાઇ-વે પર દ્વિચક્રીય વાહન ચલાવનાર વ્યક્તિએ ચોક્કસપણે હેલ્મેટ પહેરવી જોઇએ તે નિર્વિવાદ છે અને તે અંગે આ કાયદાનો ચુસ્ત અમલ થવો જોઇએ પરંતુ શહેરની અંદરના ગીચ વિસ્તારોમાં આ અંગે રાહત આપવા અમારી વિનંતી છે.

**2) <u>PUC અંગેના નિયમો</u>**

સમગ્ર શહેરમાં આજે વાહનોના PUC માટે ખુબ જ લાંબી લાઈનો જોવા મળે છે અને મોટાભાગના નાગરિકોએ પોતાના રોજબરોજના કામ-ધંધા પડતાં મૂકી આ લાઇનોમાં ઉભા રહેવું પડે છે. PUC અંગેના આ નિયમો તબક્કા-વાર અમલમાં લાવવાની જરૂર છે. જેમકે અમુક વર્ષના મોડેલ/એન્જિનના વાહનો માટે અમુક સમયગાળો અથવા દ્વિચક્રીય વાહનો, ત્રિચક્રીય વાહનો તેમજ મોટર-કાર વગેરે માટે અલગ અલગ નિર્ધારિત સમયગાળો આપવાથી આ પ્રક્રિયા ઝડપી પણ બનશે તેમજ લોકોની અગવડતામાં પણ ઘટાડો થશે.

માનનીય સાહેબશ્રી, આજના પ્રવર્તમાન મંદી/મોંઘવારી ના સમયમાં, ઉપરોક્ત સૂચનો ધ્યાનમાં લઇ જો સામાન્ય પ્રજાજનોને રાહત આપવામાં આવશે તો સામાન્ય નાગરિક હળવાશ પણ અનુભવશે તેમજ સરકારશ્રીનો ટ્રાફિક ના સુયોગ્ય નિયમનનો ઉદ્દેશ્ય પણ પૂર્ણ થશે.

આપશ્રી અમારી ઉપરોક્ત રજુઆત ને ધ્યાન માં લેશો તેવી નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**